ફો.૫.અ.ન.૩૯૧/૧૬

**આંક–૧ નીચે હુકમ,**

૧. આ કામના અરજદારે ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબ નીચે જણાવેલ ગુના સબબ જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

| | |
|---|---|
| પો.સ્ટે. | –: દામનગર |
| ગુના રજી.નંબર | –: ફર્સ્ટ ગુ.ર.ન.૧૯/૧૬ |
| ગુનાની કલમો | –: ઈ.પી.કો.ક.૩૬૩, ૩૬૬,૩૭૬,૫૦૪, ૧૧૪,પોકસો એકટની કલમ ૪,૮,૧૮ મુજબ. |

૨. અરજદારના વિ.વ.શ્રી સી.બી.મહેતાને તથા સરકાર તર્ફે વિ. એ.પી.પી.શ્રી જે.બી.રાજગોરને સાંભળ્યા ,તપાસ કરનાર અમલદારનું સોગંદનામું આંક–૫ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

૩. ફરીયાદપક્ષના કેસની હકીકતો એવી છે કે,આ કામના ફરીયાદી પરશોતમભાઈ ધરમશીભાઈ વાઘેલાએ તા.૨૫/૬/૧૬ ના રોજ દામનગર પો.સ્ટે.માં એવા મતલબની ફરીયાદ નોંધાવેલ છે કે, તા.૧૭/૬/૧૬ ના રોજ કલાક ૧૧/૩૦ થી ૧૨/૦૦ દરમ્યાન મોજે રાભડા તા. લાઠી ગામેથી ફરીયાદીની સગીર વયની દીકરી દીપાલી કે જેની જન્મ તારીખ ૫/૪/૨૦૦૦ ની છે જેની ઉંમર ૧૬ વર્ષ બે માસની છે તેને આરોપી અજયભાઈ ભીખાભાઈ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના વાલીપણામાંથી ભગાડી જઈ અપહરણ કરી ગુનો કરેલો હોય છે. જે ગુનાના કામે અરજદારને અટક કરવામાં આવેલ છે.

૪. અરજદારના વિધ્વાન વકીલશ્રી સી.બી.મહેતાએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, ખરી હકીકતે ફરીયાદીની દીકરી સાથે અજય ભીખાભાઈએ પ્રેમ લગ્ન કરેલ હોય જે અંગેનો રાગદ્રેષ રાખી તેઓને માનસીક અને શારીરીક હેરાન પરેશાન કરવા હાલની ખોટી

ફરીયાદ આપેલ છે. આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. બનાવ તા.૧૭/૬/૧૬ ના રોજ બનેલ છે અને બનાવની ફરીયાદ તા.૨૫/૬/૧૬ ના રોજ આઠ દિવસ મોડી આપેલ છે. ફરીયાદીની દીકરી સાથે આરોપી અજયે તા. ૧૧/૭/૨૦૧૬ ના રોજ લગ્ન કરેલ છે જે ચલાલા નગરપાલીકામાં તા.૧૩/૭/૧૬ ના રોજ નોંધાયેલ છે. અરજદારે કોઈ ગુનો કરેલ નથી. અરજદારને ખોટીરીતે સંડોવેલ છે. અરજદાર કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર લાઠી તાલુકાના રાભડા ગામના કાયમી રહીશ છે કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના મુખ્ય આરોપીને નામ ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલા છે. તેઓ ના. અદાલત ફરમાવે તેટલી રકમના જામીન આપવા અને ના. અદાલત ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી તેમને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

૫. સામાવાળા સરકાર તર્ફે વિધ્વાન એ. પી.પી.શ્રી જે.બી.રાજગોરે પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામના અરજદારે ફરીયાદીને કહેલ કે તારી દીકરી દીપાલીના મારા મામાના દીકરા અજય સાથે લગ્ન કરી દો નહિતર આ મારા મામાનો દીકરો અજય તમારી દીકરીને લઈને ભાગી જશે અને લગ્ન કરી લેશે તેમ કહી અરજદારે મુખ્ય આરોપીને તથા ભોગબનનારને ભગાડવામાં મદદગારી કરેલાનો અરજદાર સામે પ્રથમદર્શનીય પુરાવો રહેલ છે. વળી અરજદાર આરોપી ફરીયાદીની બાજુમાં રહેતા હોય અરજદારને જામીન મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા કરે તેવી તેમજ ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે તેવી દહેશત રહેલ છે. જેથી આવા ગંભીર ગુનામાં અરજદારને જામીન મુકત ન કરવા વિનંતી કરેલ છે.

૬. આ કામે તપાસના કાગળો જોતા જણાય છે કે, આ કામના અરજદાર સામે પ્રથમદર્શનીય પુરાવો રહેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી.આ કામના અરજદાર ગુનાના મુખ્ય આરોપી નથી. આ કામના મુખ્ય આરોપીને ના. ગુજરાત હાઈકોર્ટે ક્રિ.મીસે. એપ્લી.નં.૧૯૮૧૭/૨૦૧૬ થી જમીન મુકત કરેલા છે. જેથી અરજદારને પણ સમાનતાના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર છે. વળી આ કામના અરજદારને જમીન મુકત કરવામાં આવે તો કયાંય નાસી ભાગી જાય તેવી કે તપાસના કામે

અવરોધ ઉભો કરે તેવી કોઈ શકયતા જણાતી નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતા અરજદારને જામીન મુકત કરવા જોઈએ તેવા મંતવ્ય ઉપર આવુ છુ. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ,**

૧. આ કામના અરજદાર/ આરોપી જયંતિભાઈ લાભુભાઈ પંસાચરા, ઉવ.૩૩ની જામીન અરજી મંજુર કરવામા આવે છે.

૨. અરજદાર/ આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રુપિયા દસ હજાર) ના જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેમને દામનગર પો.સ્ટે.ફ.ગુ.ર.ન.૧૯/૧૬ ઈ.પી.કો.ક. ૩૬૩, ૩૬૬,૩૭૬,૫૦૪,૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસુલ ઓફેન્સ એકટ ૨૦૧૨ ની કલમ ૪,૮,૧૮ વગેરે ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો,**

૧. અરજદાર આરોપી સાક્ષીઓને ધાક ધમકી કે લાલચ આપશે નહિ અને તપાસના કામે પુરતો સહકાર આપશે.

૨. અરજદાર આ અદાલતમાં પોતાનું સાચુ સરનામુ રજુ કરશે અને આ અદાલતની પુર્વ પરવાનગી વગર પોતાનું સરનામું બદલશે નહિ.

૩. અરજદાર આ અદાલતની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડશે નહિ.

અરજદારે જામીન અત્રેની અદાલતમાં આપવાના રહેશે, આ હુકમની યાદી સંબંધીત પો.સ્ટે.ને કરવી.

આ હુકમ આજ રોજ તા. ૪ માહે ઓકટોબર સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમરેલી. (વિક્રમકુમાર ચીમનલાલ બારોટ)
તા.૪/૧૦/૧૬ ઈ/ચા. સ્પેશ્યલ જજ– અમરેલી.
જીજે૦૦૧૦૯.